e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 171
December 12, 2008

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" સાંસ્કૃતિક કાર્યક્રમ



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ રથનું સુરત શહેર ઉત્તર વિભાગમાં આજરોજ તા.૦૯–૧૨–૨૦૦૮ ના સવારે ૯–૦૦ કલાકે મીનીબજાર વરાછા રોડ ખાતે, આગમન થયેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું ભવ્ય સ્વાગત

ગુજરાત રાજયની સ્થાપનના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૯/૧૨/૨૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ

ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સુરત શહેરના વરાછા ઝોનના ઈલેકશન વોર્ડ નં.૪ થી ૯ અને વોર્ડ નં.૧૯માં તા:૦૯/૧૨/૨૦૦૮ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ફુલપાડા, ધરમનગરરોડ, સુરત ખાતે સાંજે ૦૬:૦૦ કલાક થી ૦૯:૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પીટલ ની કામગીરી

માહે નવેમ્બર ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧–૧૨–૨૦૦૮નાં રોજ કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયત તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ તા.૧૧–૧૨–૨૦૦૮નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, તેમજ શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. ડે. મેયરશ્રી, ડો.જગદીશભાઈ પી. પટેલ મા. નેતાશ્રી, શાસકપક્ષના અતિથિવિશેષ પદે કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" સાંસ્કૃતિક કાર્યક્રમ




ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ રથનું સુરત શહેર ઉત્તર વિભાગમાં આજરોજ તા.૦૯–૧૨–૨૦૦૮ ના સવારે ૯–૦૦ કલાકે મીનીબજાર વરાછા રોડ ખાતે, આગમન થયેલ. મીનીબજાર વરાછા ખાતે મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના વરદ હસ્તે શાસ્ત્રોકત વિધિ અનુસાર આ રથનું પૂજન કરી, નિર્ધારિત રૂટ મુજબ શહેરના વરાછા વિસ્તારના વોર્ડ નં.૪ થી ૯ તેમજ ૧૯ના વિવિધ વિસ્તારોમાં પ્રયાણ કર્યું હતું. તથા સ્ટેજ પર મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલે હાજર રહેલ સૌને સંકલ્પ લેવડાવ્યા હતા તથા રૂટ દરમિયાન વિવિધ મહાનુભાવો તથા જાહેર જનતાએ રથનું સ્વાગત કરી સંકલ્પ લેવડાવ્યા હતા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના કાર્યક્રમ અંતર્ગત સાંજે ૭.૦૦ કલાકે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ફુલપાડા ધરમનગર રોડ, વરાછા ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી મંચસ્થ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.



સ્વાગત પ્રવચન કરતા મા. શાસક પક્ષના નેતાશ્રી ડો.જગદીશભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત જાહેર જનતાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કેસુરત શહેરે ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક, આરોગ્ય અને પ્રવાસન ક્ષેત્રે ઉડીને આંખે વળગે તેવી નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. પરંતુ આ સફળતા પડાવ નથી, વિરામ નથી, દરેક સિધ્ધિ આગળની નવીન કૂચ માટેનું પ્રેરકબળ છે, વધુ શ્રેષ્ઠ બનવાના નકકર અભિગમ માટેનું એક કારણ છે. આ શ્રેષ્ઠતાના શિખર ભણીના પ્રયાણમાં સમગ્ર જનતાને ભાગીદાર બનાવવાનો ગુજરાત રાજયે આયોજન કરેલ છે. લોક ભાગીદારી દ્વારા પ્રજાજનોને સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને તમામ ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા અવિરત ચાલુ રહે તેવુ આયોજન હાથ ધરી પ્રજાજનોને તમામ સુવિધાઓ – સવલતોની પ્રાપ્તિ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ"ના આગમનને અનુલક્ષી સરકારશ્રીએ તા.૦૮–૧૨–૨૦૦૮ થી તા.૦૯–૧૨–૨૦૦૮ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા સરકારશ્રીએ સદર સુવર્ણ જયંતીને અનુલક્ષીને સૂચવેલ વિષય વસ્તુ મુજબના વિષયો ઉપર નિંબધ, ચિત્ર, વકતૃત્વ તથા વિનામૂલ્યે રોગ નિદાન કેમ્પ બ્લડ ડોનેશન કેમ્પ, તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે. વિવિધ સ્પર્ધાઓમાં આ વિસ્તારની તમામ શળાઓના સ્પર્ધકોએ ભાગ લઈ રાજયના વિકાસના સંકલ્પમાં પોતાનું યોગદાન પ્રદાન કરેલ છે. આ ઉપરાંત શહેરની આમ જનતા, વેપારીઓ, ડોકટરો, ગૃહિણીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સમાજના તમામ વર્ગોએ સંકલ્પ પત્રો ભરી રાજયના વિકાસમાં જનભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

સ્વાગત પ્રવચન બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ છે. આ વિસ્તારના અબાલ વૃધ્ધ નાગરિકો તરફથી પણ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

સમારંભના મુખ્ય મહેમાન એવા ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યુ હતું કે આઝાદીના ૫૦ વર્ષ પૂર્ણ થયા બાદ લોકોમાં સ્વયંભુ માહોલ ઉભો થયો હતો. આ જ રીતે સને ૨૦૧૦માં ગુજરાત રાજયના સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતા લોકોમાં સ્વંય જાગૃતિનો માહોલ ઉભો થયેલ છે. તેમજ આ પ્રસંગે ઉજવણી માટે લોકોમાં આતુરતા ઉભી થઈ છે. ગુજરાતની સુવર્ણ જયંતી નિમિત્તે ગુજરાતની પ્રજા અનેક પ્રકારના સંકલ્પ લઈ ગુજરાતને દેશના તમામ રાજયોમાં દરેક ક્ષેત્રમાં ઉચ્ચતમ શીખરે લઈ જવાના પ્રયાસરૂપે અથાગ પ્રયત્નરૂપ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" યાત્રા ના કાર્યક્રમ હેઠળ યથાયોગ્ય પ્રયાસ કરવામાં આવેલ છે. સંકલ્પ લઈ તેનુ પાલન કરવુ પણ જરૂરી છે. સુરત શહેરની પ્રજામાં

આ અંગે અદમ્ય ઉત્સાહ દેખાય રહયો છે. જે બદલ શહેરની પ્રજા અભિનંદનને પાત્ર છે. સંકલ્પ લઈ ગુજરાતની અસ્મિતાને નુકશાન ન થાય, કલંક ન લાગે તે ધ્યાને લેવા અપીલ કરી હતી. માનસીક તૈયારીરૂપે ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' નિમિત્તે સંકલ્પનું પાલન થાય તે જરૂરી છે. સરકારના કાર્યમાં જનતાનો સાથ સહકાર મળશે તો યશના ભાગીદાર ગુજરાતની જનતા ગણાશે. ગુજરાત રાજયને ઔદ્યોગીક, કૃષી, આર્થિક રીતે આગળ લઈ જવા સરકાર કૃતનિશ્ચયી છે.



''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા ના કન્વીનર શ્રી અને મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યુ હતું કે ''સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ અંગે નાગરિક તરીકે આપણને પ્રશ્ન થાય કે આ સકંલ્પ શું છે તે અંગે વિશદ છણાવટ કરી હતી. સમગ્ર ગુજરાતમાં ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા પરિભ્રમણ કરશે. સંકલ્પનો મર્મ સમજવો જરૂરી છે. સંકલ્પનો કોઈ વિકલ્પ નથી. દરેક ક્રાતીકારી કાર્યો પાછળ સકંલ્પ રહેલો છે. આઝાદીની લડતમાં પણ અનેક ભડવીરો ફનાહ થયા હતા ત્યારે પુજય મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ તેમના સંકલ્પરૂપે દાંડીકૂચ ધ્વારા આઝાદી ન મળે ત્યાં સુધી સાબરમતિ આશ્રમ પાછા ન ફરવાના સંકલ્પને કારણે દેશને આઝાદી મળી હતી. સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પથી ભારતના રાજયોના રજવાડા એકત્ર થઈ દેશ સંગઠીત રહી શકયો. આ સંકલ્પનો સંદેશો લઈ મા. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૦ સુધીમાં ૫૦ વર્ષ પૂર્ણ થતા સ્વર્ણીમ ગુજરાતની પરિકલ્પના અનુસાર સમૃઘ્ધ શિક્ષિત, નિર્મળ, હરિયાળુ, આધુનિક, સલામત ગુજરાત માટે ૫.૫૦ કરોડ જનતાની જનભાગીદારી થકી ગુજરાતને ઉચ્ચતમ સ્થાને પહોંચાડવાનું જાહેર કર્યુ છે. આ સંદેશો લઈ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' યાત્રા ગુજરાતના તમામ સ્થળે ફરી આ સંદેશો લોકોને સાથે રાખી અમલીકરણ કરાશે. વ્યસનમુકિત જેવા સંકલ્પ થકી નીરોગી ગુજરાતનું નિર્માણ કરી શકાશે. આતંકવાદનો નાશ પણ આવા સંકલ્પ થકી કરાશે.

સમારંભના પ્રમુખશ્રી મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષ ઉજવણીના ભાગ રૂપે આજ રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે. મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પના અનુસાર ગુજરાત રાજયએ કરેલ પ્રગતિ પ્રજા સમક્ષ મુકવાના ઉમદા આશયથી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયનો અનેક ક્ષેત્રોમાં વિકાસ થયો છે. સમાજની અને પ્રજાની રાજયવાર સરખામણી થાય ત્યારે ગુજરાતની પ્રજા સારી પ્રજા તરીકે ચારિત્રય–વ્યકિતત્વ રીતે પણ આગળ આવે તે જરૂરી છે. અંગ્રેજી પ્રજાના સમયપાલન અંગે વખાણ કરતા આપણે પણ આગવું કેળવવું જોઈએ. આજના કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આનંદ વ્યકત કરી ગુજરાતની પ્રગતિ માટે સંકલ્પ કરી આગળ વધવા આહવન કર્યુ હતું. ત્યાર બાદ મા. મેયરશ્રીના વરદહસ્તે સંકલ્પપત્રનું વાંચન કરવામાં આવ્યુ હતું.

ત્યારબાદ વિવિધ શાળાઓ તથા સંસ્થાઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂકરી શ્રોતાઓના મનમોહી લીધા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ મશાલ યાત્રા તથા ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ આ વિસ્તારમાં કરવામાં આવી હતી.જેને વિશાળ સંખ્યામાં લોકોએ માણી હતી.

''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' અંતર્ગત વરાછા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં અંદાજે ૪૫૦ જેટલા નાગરિકોએ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. તેમજ ૧૮૧ યુનીટ બ્લડ એકત્રિત કરાયુ હતું. સવારે રથ યાત્રાના વિવિધ રૂટ પર ૩૦૦૦૦ લોકોએ સ્વાગત કરવા ઉમટી પડેલ હતી. જયારે મશાલ યાત્રામાં ૫૦૦૦ યુવાનોએ ભાગ લઈ સંકલ્પ લીધો હતો. અંદાજે ૧૦૦૦૦ જેટલા લોકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યો હતો.

આ પ્રસંગે મા. મેયરશ્રી, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''ના કન્વીનર અને મા. ધારાસભ્યશ્રી શ્રી નાનુભાઈ વાનાણી, તથા મા. ધારાસભ્યશ્રી, શ્રી કિશોરભાઈ વાંકાવાળા, અતિથિવિશેષશ્રીઓ મા. નેતા શ્રી, શાસકપક્ષ,ડો.જગદીશભાઈ પટેલ, શ્રીમનુભાઈ ચાવડા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તેમજ પત્રકારમિત્રો, મહાનુભાવો, તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું ભવ્ય સ્વાગત

ગુજરાત રાજયની સ્થાપનના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા.૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ ઉજવણીના ભાગરૂપે સંકલ્પ ધ્વારા સ્વવિકાસથી સમાજ અને રાજયના વિકાસનો ઉમદા હેતુ સાકાર કરવા આ રથનું સુરત શહેર ઉત્તર વિભાગમાં આજરોજ તા.૦૯–૧૨–૨૦૦૮ ના સવારે ૯–૦૦ કલાકે મીનીબજાર, વરાછા ખાતે આગમન થયેલ.

મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના વરદ હસ્તે શાસ્ત્રોકત વિધિ અનુસાર આ રથનું પૂજન કરી, સંકલ્પપત્ર અનુસાર ઉપસ્થિત મહાનુભાવો અને જાહેરજનતા પાસે શપથ લેવડાવામા આવ્યા. મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્રસ્યોશ્રીઓ, જાહેર જનતા ધ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" મીનીબજાર થી પ્રસ્થાન કરી કોહીનુર રોડ થી ઉમીયાધામ થઈ અશ્વિનકુમાર રોડ, સરસ્વતી સર્કલ, મોદી મોહલ્લાથી સરદાર કોમ્પ્લેક્ષ થી ખોડીયારનગર રોડ સુધી પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ખોડીયારનગર સોસાયટીથી અશ્વિની–૩ સોસાયટીથી, બરોડા પ્રિસ્ટેજ, મહેશ્વરી સોસાયટી, ગુરૂનગર, વલ્લભાચાર્ય રોડ પર પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" વલ્લભાચાર્ય રોડ થી જેરામનગર ચોક, એચ. ટી. લાઈન રોડ, મધુવન મેડીકલ, હિંમતનગર સોસાયટી, સંતલાલ સોસાયટી થઈ હિરાબાગ સર્કલથી કાપોદ્રા ચાર રસ્તે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" કાપોદ્રા ચાર રસ્તાથી વરાછા મેઈન રોડ, નાના વરાછા ઢાળ થઈ ગીરનાર સોસાયટી, સવજી કોરાટ બ્રિજથી પરત સીમાડા રોડથી શકિત વિજય ચોક, ચીકુવાડી રોડ, સી.એન.જી.પંપ થઈ કલાકુંજ સોસાયટી, કાપોદ્રા વોર્ડ ઓફિસથી રચના સર્કલ પાસે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" રચના સર્કલથી ૧૫૦ ફુટ રોડ નિલકંઠ સોસાયટી, બાપાસીતારામ મઢુલીથી વિનાયક ચોક, મારૂતી ચોક, ભરતનગર સોસાયટીથી ધનશ્યામ નગર સોસાયટી, પાસે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ધનશ્યામ નગર સોસાયટીની વાડીથી સ્વામી નારયણ મંદિર થઈ લાભેશ્વર સર્કલ, વર્ષા–૧, ડાહયાપાર્ક, ભગુનગર, કુંજગલી, માતાવાડી, રામકૃષ્ણ, આબાંવાડી, રંગઅવધુત પાસે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" રંગઅવધુતથી ડાયારામ પાનસેન્ટરથી કુબેરનગર, રેશભવન, સ્વામીનારાયણ સોસાયટી રોડ, લક્ષ્મીનગર–રાધાકૃષ્ણ મંદિર, હિરાનગર સોસાયટી, અંબિાનગર સોસાયટી, શીલ્પા પાર્કથી રંગઅવધુત ચાર રસ્તા પાસે પહોંચતા મહાનુભાવો તથા નગરજનો ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા ઉપસ્થિત જનમેદની પાસે સંકલ્પપત્ર અનુસાર સંકલ્પ લેવડાવામાં આવ્યા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના સ્વાગત તથા યાત્રાના કાર્યક્રમ દરમ્યાન મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, શ્રીપ્રવિણભાઈ નાયક, શ્રી અજયભાઈ ચોકસી, શ્રી ભરતભાઈ રાઠોડ, પ્રમુખશ્રી જીલ્લા પંચાયત, શાસકપક્ષ નેતાશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદ્રસ્યશ્રીઓ, કલેકટરશ્રી દીલીપ રાવલ, પોલીસ કમિશનરશ્રી આર.એમ.એસ.બ્રાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી લોચનસિંહ મીના, અધિક કલેકટરશ્રી જે. બી. પટેલ તથા બહોળી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ હતો.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૯/૧૨/૨૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશન ની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) ફા. પ્લોટ નં. ૮ માં આવેલ સીધ્ધેક્ષ્વરી સોસાયટી ડભોલી ચાર રસ્તા પાસે ૩૬.૦૦ મીટર પહોળાઈ ના ટી.પી. રસ્તાના આવી જતા દુકાનના ઓટલાઓ તથા ઝાડની ફરતે બનાવેલ ચોરાઓનું દબાણ દુર કરી રસ્તો ખુલ્લો કરી રસ્તા વાઈડનીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ

ગુજરાત રાજયના સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગ રૂપે પ્રસ્થાન થયેલ ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ'' ના સુરત શહેરના વરાછા ઝોનના ઈલેકશન વોર્ડ નં.૪ થી ૯ અને વોર્ડ નં.૧૯માં તા:૦૯/૧૨/૨૦૦૮ ના રોજ આગમન કાર્યક્રમ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ફુલપાડા, ધરમનગરરોડ, સુરત ખાતે સાંજે ૦૬:૦૦ કલાક થી ૦૯:૦૦ કલાક દરમ્યાન વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યા હતા. જે પ્રસંગે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ/ મ્યુ.સદસ્યશ્રીઓ, વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી,નાયબ આરોગ્ય અધિકારી,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, વરાછા ઝોનના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ તથા લોકસમર્પણ ટ્રસ્ટના કાર્યકરો વગેરે ઉપસ્થિત રહયા હતા.

વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞો તથા વરાછા ઝોનના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કતારગામ વિસ્તારના ૪૫૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૨૨,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૧૧, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૦૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૦૯, ફિઝીશ્યન દ્વારા ૧૪૯,સર્જન દ્વારા ૨૬,તથા મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૩૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૨૦ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૦ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૧૩૬ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ, ટી.બી.,મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૦૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૩૦૦, ઓરલ પીલ્સ ૨ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી.૧૦૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**સ્મીમેર/મસ્કતિ હોસ્પીટલ તથા લોકસમર્પણ કેન્દ્રના સહયોગથી યોજવામાં આવેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૮૧ વ્યકિતઓએ બ્લડ ડોનેટ કર્યુ હતુ.**

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિ.)ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

# સ્મીમેર હોસ્પીટલ ની કામગીરી

***માહે નવેમ્બર ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ***

સ્મીમેર હોસ્પીટલમાં નવેમ્બર માસ દરમ્યાન ૧૨૭૩૫ ઈન્ડોર તથા ૪૦૩૪૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૧૭૩૦ તથા ૫૯૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૦૬૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૩૨૯ અને જુના ૪૭૦ દર્દીઓ સહીત કુલ ૯૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.દાંતના રોગો માટે કુલ ૧૯૭ ૨ દર્દી ઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયાથેરાપી વિભાગમાં કુલ ૯૧૪ તથા આંખ વિભાગમાં ૨૭૯૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૦૫૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧–૧૨–૨૦૦૮નાં રોજ કતારગામ, અઠવા, તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ




સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયત તેમજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ તા. ૧૧–૧૨–૨૦૦૮ નાં રોજ મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, તેમજ શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. ડે. મેયરશ્રી, ડો.જગદીશભાઈ પી. પટેલ મા. નેતાશ્રી, શાસકપક્ષના અતિથિવિશેષ પદે કરવામાં આવી હતી.

આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, લિંબાયત ખાતે આંજણા રેલ્વે ઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ જાહેર બાંધકામ સમિતિ, શ્રી નીતિનભાઈ ડી. ભજીયાવાલાના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી. આ વિસ્તારમાંથી પસાર થતી ખાડીઓમાં ભારે પુર દરમ્યાન આજુબાજુના વિસ્તારમાં ખૂબ જ પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ જાય છે. તેમજ રેલ્વે કલ્વર્ટ નં.૪૪૧ ખાતે બનાવવામાં આવેલ અંડરપાસમાં પાણીના ભરાવાને કારણે બંધ થઈ જતો હોવાથી આ બ્રિજ બનાવવાની જરૂરીયાત જણાઈ. કેનાલનો પરિવહન માટે ઉપયોગ થાય તે હેતુ માટે કેનાલ કોરીડોરના આયોજનથી શહેર તેમજ શહેર બહારના ટ્રાફીકને એરપોર્ટ આવવા–જવા માટે ટૂંકો સરળ તથા અગત્યનો માર્ગ ઉપલબ્ધ થઈ શકશે. પુલની લંબાઈ ૧૦૫૨.૫૦ મીટર, પુલની પહોળાઈ ૧૧.૪૦ મીટર (બંને બાજુ મળી કુલ ૨૨.૮૦ મીટર), પુલનુ ક્ષેત્રફળ ૨૪,૧૮૮.૭૦ ચો.મીટર, પ્રોજેકટ કોસ્ટ રૂા.૫૫૦૦ લાખ, ૨૪ માસમાં કામગીરી પૂર્ણ કરશે.



લિંબાયત ઝોન ખાતે ગોડાદરા, નીલગીરી રોડ, નાગેશ્વર મંદિરની બાજુમાં હેલ્થ સેન્ટર અને વાંચનાલય નું ઉદઘાટન મા. અધ્યક્ષશ્રી, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્ત વર્ધક સમિતિ, શ્રી પિયુષભાઈ બી. શીવશકિતવાલા, ના વરદહસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું. આ હેલ્થ સેન્ટરમાં ભોંયતળીયે ડીસ્પેન્સરી, મેડીકલ ઓફિસર રૂમ–૨, ડ્રેસીંગ અને ઈન્જેકશન રૂમ, વેઈટીંગ લોન્જ, ઓફિસ અને કેસરૂમ, સ્ટોર રૂમ, લેડીસ–જેન્ટસ ટોયલેટ–નંગ–૪, ફેમીલી પ્લાનીંગ અને ઈમ્યુનાઈઝેશન, તેમજ લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. પ્રથમ માળે નર્સ કવાર્ટર નં.૨, લીવીંગ રૂમ, કિચન, બાથરૂમ, સંડાસ, ચોકડી, ફોયર, એસ. ટી. ડી. કેર યુનીટ–૨, આર.એન.ટી.સી.પી., ૫૦ બેઠકની ક્ષમતાવાળુ વાંચનાલયનો લાભ પણ અત્રેની જનતાને મળી શકશે. બાંધકામની કુલ કિંમત રૂા.૫૨,૬૬,૫૪૭/– બાંધકામનું ક્ષેત્રફળ ૭૩૨૫ ચો. ફુટ, ૬ માસના ટૂંકા ગાળામાં કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ હેલ્થ સેન્ટર અને વાંચનાલય બનવાથી સાઉથ ઈસ્ટ ઝોનમાં સમાવિષ્ટ નવા વિસ્તાર તેમજ જુના વિસ્તાર મળી અંદાજે ૧ લાખની વસ્તીને આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિકલક્ષી સુવિધા પ્રાપ્ત થશે.

**Continue ...**



સ્મીમેર હોસ્પિટલ ખાતે પહેલે માળે આવેલ નિયોનેટલ આઈ. સી. યુ.ની બાજુમાં (હયુમન મીલ્ક બેંક), ''પ્રોજેકટ યશોદા'' સુરત મહાનગરપાલિકા તથા ઈન્ડિયન એકેડેમીક ઓફ પીડીયાટ્રીકસ, સુરત શાખાના સહયોગથી દક્ષિણ ગુજરાત ખાતે પ્રથમ હયુમન મીલ્ક બેન્કની ઉદઘાટનવિધિ આજ રોજ કરવામાં આવેલ છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અપર્ણાએ જણાવ્યું હતું કે આ મીલ્ક બેન્ક અંતર્ગત આપણે તંદુરસ્ત માતાના ધાવણને એકઠું કરી તેને યોગ્ય પધ્ધતિથી જંતુરહિત કર્યા બાદ આ દૂધને યોગ્ય રીતે સારસંભાળ રાખી જરૂરીયાતમંદ બાળકને પહોંચાડવામાં આવશે. આવા બાળકોમાં અધૂરા મહિને જન્મેલા બાળકો, નબળા બાળકો અને જે માતાને દૂધના આવતું હોય તેવા બાળકોનો સમાવેશ કરવામાં આવશે. વધારેમાં વધારે માતાઓને પોતાનું ધાવણનું દાન આપે અને આ ઉત્તમ કાર્યમાં સહભાગી થઈ આ મીલ્ક બેન્ક વડે શ્વેતક્રાંતી સર્જી શકાય. ઈન્ડીયન એકેડમી ઓફ પીડીયાટ્રીકસ, સુરત બ્રાંચ અને રોટરી ઈન્ટરનેશનલ કલબ, સુરત સી–ફેસ–૨૮૭૦૯ ડી.૩૦૬૦ તરફથી જરૂરી સહયોગ મળેલ છે.

માતાના દૂધને ચોખ્ખાઈથી લઈ તેને યોગ્ય પધ્ધતિ વડે જંતુરહિત કરી આ આ દૂધની સારસંભાળ રાખી જરૂરીયાતમંદ બાળકોને આ દૂધ આપી તેને મદદરૂપ થવું. આ દૂધને ચોખ્ખા વાસણમાં લઈ તેને ગરમ ૨૦ ડીં સે.ગ્રે. ઠંડુ પાડી જે બાળકોને આ દૂધની જરૂરીયાત હોય તેને આપવામાં આવશે. આ દુધનો લાભ અધૂરા મહિને જન્મેલ બાળક, વજન વધતુ ન હોય તે બાળક, દૂધનુ પાચન ન થતુ હોય, પેટને લગતી સર્જરી બાદ, એક થી વધારે બાળકો હોય તેને, જે માતાને ધાવણ ન આવતું હોય તેમજ નર્સરીમાં દાખલ કરવામાં આવેલ બાળકોને આનો લાભ મળી શકશે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. નેતાશ્રી શાસક પક્ષ ડો. જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**TOP**